# CCC પરીક્ષાના પરિણામ અંગેની અગત્યની સૂચનાઓ

- સરકારશ્રીના સામાન્યવહીવટ વિભાગના ના ઠરાવક્રમાંક પરચ–૧૦–૨૦૦૫–૧૫૧૯–પાર્ટ–૧(ક) તા.૬/૪/૨૦૧૬ ના પત્ર અન્વયે રાજય સરકારશ્રીના કર્મચારીઓની કમ્પ્યુટર કૌશલ્ય – CCC EXAM ની કામગીરી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીને સોંપવામાં આવેલ. સદર પરીક્ષા ગણિતશાસ્ત્ર વિભાગની કમ્પ્યુટર પ્રયોગશાળામાં રાજયસરકાર તથા યુનિવર્સિટીના નિતિનિયમો અનુસાર તા.૧૭/૧૦/૨૦૧૬ થી પરીક્ષા શરૂ કરવામાં આવેલ છે. જેની પ્રથમ ૧૮ બેચ કુલ ૯૦૦ પરીક્ષાર્થીઓનું પરીક્ષાનું પરિણામ તા.૪/૧૦/૨૦૧૬ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. સદર Notification તથા પરિણામ યુનિવર્સિટી ની વેબસાઈટ www.ngu.ac.in પર મૂકવામાં આવેલ છે. (પરિણામ માટે Link: CCCExamination For Government Employee ઉપર કલીક કરવું)

- પરીક્ષા આપનાર દરેક કર્મચારીએ યુનિવર્સિટી વેબસાઈટ પરથી જરૂરીયાત મુજબની પરિણામ તથા નોટીફીકેશનની કોપી ડાઉનલોડ કરી તેની નકલ જે સંસ્થામાં નોકરી કરતા હોય તે સંસ્થામાં પોતાની રીતે જમા કરાવવાની રહેશે. (પરિણામની / નોટીફીકેશનની નકલ કોઈપણ સંસ્થા કે કર્મચારીને અત્રેથી આપવામાં આવશે નહિ.)

- રજીસ્ટ્રેશન થી પરીક્ષાના પરીણામ જાહેર થયાબાદ પણ પરીક્ષાર્થી તરફથી ફોર્મ / ડોકયુમેન્ટ/પેમેન્ટ રીલેટેડ કોઈપણ પ્રકારની છુપાવવામાં આવેલ વિસંગત બાબત યુનિવર્સિટીના ધ્યાન ઉપર આવશે તો ત્યારે તેનું પરિણામ રદ કરવાનો અધિકાર યુનિવર્સિટીનો રહેશે. પરીક્ષા આનુષંગિક કોઈપણ બાબતમાં વિસંગતતા જણાશે તો કુલપતિશ્રીનો નિર્ણય આખરી ગણાશે અને માન્ય રાખવાનો રહેશે.
  વધુમાં તમામનું ન્યાયક્ષેત્રનું સ્થળ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી ,પાટણ રહેશે.

## ખાસનોંધ :–

૧.CCCપરીક્ષાનું આયોજન કમ્પ્યુટર ધ્વારા ONLINE પધ્ધતિથી થયેલ હોઈ સદર પરિણામની Reassement કે Recheckingનીકોઈપણવ્યવસ્થા ઉપલ્બધ નથી. પરીક્ષાના પરિણામકે MARKSHEET નું Physical Verification (રૂબરૂ કે ટપાલ ધ્વારા)ની વ્યવસ્થા અત્રે શકય ન હોઈ ફકત ઓનલાઈન Verification ની વ્યવસ્થા રાખવામાં આવેલ છે. ઓનલાઈન Verificationની વ્યવસ્થા યુનિવર્સિટીની વેબસાઈટ પર પરિણામ જાહેર થયા તારીખ થી ત્રણ મહિના સુધી જ ઉપલબ્ઘ રહેશે. જેથી જે તે સંસ્થાએ જે તે કર્મચારીની MARKSHEET / RESULT નું Verification/ Authentication યુનિવર્સિટીની વેબસાઈટ પર દર્શાવેલ LINK પર જઈ તેમના પ્રમાણપત્રની ખરાઈ સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે. પરીક્ષા આપનાર તમામ પરીક્ષાર્થીઓએ પરિણામના Verification પ્રક્રિયા સમય મર્યાદામાં પૂર્ણ કરાવી લેવાની રહેશે ત્યારબાદ કોઈપણ પ્રકારનું ONLINE કે PHYSICAL Verification કરવામાં આવશે નહી જે જાણ સારૂ.

૨. રજીસ્ટ્રેશન, વેરીફીકેશન તથા પરીક્ષા પ્રક્રિયા કાયમી ધોરણે ચાલુ રાખવામાં આવેલ હોઈ પરીક્ષાનું પરિણામ વખતોવખત યુનિવર્સિટીની અનુકુળતાએ જાહેર કરવામાં આવશે. પરિણામ જાહેર થયે યુનિવર્સિટીની વેબસાઈટ પર મૂકવામાં આવશે. હવે પછીનું NEXT પરિણામ નવેમ્બર મહિનામાં જાહેર થવાની સંભાવના છે.